


# પોપ્યૂલર કલ્ચરથી ધાર્મિક કટ્ટરતા પ્રસરી શકે?

ઈન સાઈડ આઉટ સાઈડ

કિરણ કાપૂરે

પ્રજાનો મત એક રહે અને તેમાં મોટા ભાગનો વર્ગ શાસક પક્ષ સાથે રહે તેવું દરેક સત્તાધીશો ઈચ્છે છે. આ માટે તેઓ કોઈ પણ ગતકડાં કરતાં અચકાતા નથી. કુંભ મેળામાં ધર્મના નામે કરોડોની ભીડ એકઠી કરવાનો ઈરાદો માત્ર લોકોની ધાર્મિક આસ્થાને પરિપૂર્ણ કરવાનો નથી; બલકે તેની સાથે માર્કેટ સંકળાયેલું છે, રાજકીય એજન્ડા પણ છે. લોકોને પોતાના તરફી કરી લેવાની એક પણ તક રાજકીય નેતાઓ ચૂકતા નથી. અને આવું ભારતમાં જ નહીં, અમેરિકા જેવા વિકસિત દેશમાં પણ થાય છે. લોકોને મોટી સંખ્યામાં એક મતે પોતાની તરફેણમાં લાવવામાં કળા અને સંસ્કૃતિ ખૂબ મોટી ભૂમિકા ભજવે છે. સંસ્કૃતિનો ખ્યાલ વ્યાપક છે અને તેમાં સમાજ જીવનની મહદંશે બધી બાબતોનો સમાવેશ થાય છે; કળાનો સુધ્ધા. કળા અને સંસ્કૃતિની સ્વીકાર્યતા સર્વત્ર છે અને તેની અસર વ્યાપકપણે થાય છે. તેનું એક ઉદાહરણ અમેરિકાનું બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થવું - તે છે. 1940માં થયેલા જનમતના આધારે અમેરિકામાં 35% લોકોએ એમ કહ્યું હતું કે અમેરિકા યુદ્ધમાં સામેલ થાય તે માટે તેમની સંમતિ છે. તેનો અર્થ કે અમેરિકાના બાકીની ત્રીજા ભાગની વસતી બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થવામાં અસંમત હતી. પણ તત્કાલિન અમેરિકાના શાસકોને યુદ્ધમાં સામેલ થવામાં મન બનાવી લીધું હતું. તે પછી અમેરિકાની સરકારે પોપ્યુલર કલ્ચરના માધ્યમથી લોકોના માનસ બદલવાનો કારસો ઘડી નાંખ્યો. પાછલાં બારણે હોલીવૂડના દ્વાર સરકારે ખટખટાવ્યા. વૉલ્ટ ડિઝની અને વૉર્નર બ્રધર્સ જેવા મોટા પ્રોડક્શન હાઉસ સાથે કરારો કર્યા અને યુદ્ધમાં અમેરિકા જોરશોરથી ભાગ લે તે માટે માનસ ઘડવા માટેની ફિલ્મો નિર્માણ કરવાની રણનીતિ ઘડી નાંખી. આવી ફિલ્મો બની. ફિલ્મોની અસર લોકમાનસ પર થઈ અને આખરે અમેરિકા યુદ્ધમાં સામેલ થયું.

પોપ્યૂલર કલ્ચર જેમાં કળાના બધા માધ્યમો, ધાર્મિક આસ્થા, સામાજિક વલણ અને માન્યતા બધું જ સમાવિષ્ટ થાય છે અને તેનાથી જે કંઈ પરિણામ આવી શકે તેવું અમેરિકા અગાઉ જર્મની, ઈટલીએ કર્યું હતું. અમેરિકા, ઈટલી અને જર્મની તે પછી હાલમાં તેવું આપણા દેશમાં થઈ રહ્યું છે અને તેવો દાવો કુણાલ પુરોહિત કરી રહ્યા છે. કુણાલ પુરોહિત બે દાયકાથી પત્રકાર તરીકે કાર્યરત છે. પત્રકારત્વ ક્ષેત્રમાં કુણાલે રિપોર્ટિંગ કર્યું છે, જેથી તેમને આ વિષય લખવા જેવો લાગ્યો છે અને તે વિષયના અનુસંધાને તેમને તેવી ઘટનાઓ પણ મળી છે. તેમણે આ વિગતો સમાવી છે તે પુસ્તકનું નામ છે : 'ધ સિક્રેટિવ વર્લ્ડ ઑફ હિંદુત્વ પોપ સ્ટાર્સ'. આગળ તેમના લખાણનો સાર આ પ્રમાણે છે : '1930માં નાઝી પક્ષ સત્તામાં આવતા. નાઝી એટલે હિટલરનો પક્ષ જેમણે સત્તામાં આવતાંવેત સાંસ્કૃતિક તમામ બાબતોને પોતાના હસ્તક લઈ લીધી હતી. યહૂદીઓની પુસ્તકો બાળી નાંખવામાં આવી અને પોતાના તાબામાં ફિલ્મો, સંગીત, સાહિત્ય અને રેડિયો જેવા તમામ માધ્યમોને લઈને નાઝીઓએ જર્મનીઓના માનસને પોતાની રીતે ઘડવાનું શરૂ કર્યું. ઈટલીમાં પણ એ રીતે ફાસીવાદી સત્તાએ પોતાના ગમતા થિયેટર પ્રોડક્શનને ભંડોળ આપવાનું શરૂ કર્યું હતું. આ નાટકોમાં ભારોભાર રાષ્ટ્રભક્તિ ઝળકતી. પોતાની મનગમતી ફિલ્મોને ભંડોળ આપવા અને તેને સબસડાઈઝ રીતે ચલાવવાનો પણ તેમાં એજન્ડા રહેતો હતો.'

છેલ્લા ઘણાં સમયથી આ દોર આપણે ત્યાં ચાલ્યો છે. રાષ્ટ્રભક્તિનો ઊભરો લાવતી ફિલ્મો, નાટકો અને સાંસ્કૃતિક કાર્યક્રમો જોરશોરથી થઈ રહ્યા છે. ઘણાં કિસ્સામાં તો યુનિવર્સિટીના સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમોમાં પણ આ એજન્ડાનો પગપેસારો થઈ ચૂક્યો છે. આવાં દાખલાઓની કોઈ કમી નથી, પણ છેલ્લામાં છેલ્લે આવું ઉદાહરણ સામે આવ્યું તે દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંઘ માટે થયેલું 'સ્કાય ફોર્સ'નું સ્ક્રિનિંગ છે.

પોપ્યૂલર કલ્ચરને લઈને પુસ્તકના લેખક કુણાલ પુરોહિત પ્રથમ પ્રકરણ ગાયિકા કવિસિંઘનું લખે છે. કવિસિંઘ ગુજરાતમાં અજાણ્યું નામ લાગે; પણ ઉત્તર ભારતમાં કવિસિંઘ જાણીતાં ગાયિકા છે અને યૂટ્યુબ ફોલોવર્સની સંખ્યા અગિયાર લાખ છે. પુસ્તકમાં કવિ સિંઘનો પરિચયની શરૂઆતમાં એક પંક્તિ ટાંકવામાં આવી છે : 'અગર છુઆ મંદિર તો તુઝે દિખા દેંગે, તુઝકો તેરી ઔકાત બતા દેંગે'. 2019માં કવિસિંઘનું પ્રથમ ગીત રીલીઝ થયું અને તે પછી એક પછી એક અત્યાર સુધી તેમના 80 ગીત આવી ચૂક્યા છે. તેમનો એક જ માત્ર ઉદ્દેશ્ય છે કોઈ પણ રીતે દર્શકોને રાષ્ટ્રભક્તિનો કેફ ચડાવવો. કવિસિંઘના મોટા ભાગના ગીતો હિંદુ કટ્ટરવાદના મુદ્દાને આવરે છે અને તેમને સપોર્ટ કરે છે. પુલવામાં હુમલા પછી કવિ સિંઘે એક ગીત ગાયું. આ ગીતમાં કવિસિંઘ પાકિસ્તાનના બદલે સ્થાનિક કાશ્મીરીઓને ટારગેટ કરતા ગાય છે : "દુશ્મન ઘર મેં બૈઠે હૈ, તુમ કોસતે રહો પડોસી કો, જો છૂરી બગલ મેં રખતી હૈ, તુમ માર દો ના ઉસ દોષી કો, ઈસ ધોકે કે હમલે મેં જો અપનો કા કામ નહીં હોતા, પુલવામા મેં ઉન વીરોં કા યહ અંજામ નહીં હોતા"

**પોપ્યૂલર કલ્ચર જેમાં કળાનાં બધાં માધ્યમો, ધાર્મિક આસ્થા, સામાજિક વલણ અને માન્યતા બધું જ સમાવિષ્ટ થાય છે અને તેનાથી જે કંઈ પરિણામ આવી શકે તેવું અમેરિકા અગાઉ જર્મની, ઇટલીએ કર્યું હતું. અમેરિકા, ઇટલી અને જર્મની તે પછી હાલમાં તેવું આપણા દેશમાં થઈ રહ્યું છે**

હવે એવુંય નથી કવિસિંઘને માત્ર ને માત્ર રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ ઊભરાયો હોય અને તેઓ ગીત ગાય છે. તેની પાછળ મસમોટો બિઝનેસ છે. પ્રોપગન્ડાનો નજીકના ગાળાના ઈતિહાસમાં એવી અનેક ઘટનાઓ છે જેના વિશે વાત થઈ શકે, જેમાં કોઈ એક કોમ્યુનિટીને ટાર્ગેટ કરવામાં આવતી હોય. 1990ના અરસામાં આફ્રિકામાં થયેલાં રવાંડા જનસંહારમાં પણ બે રેડિયો સ્ટેશનની ભૂમિકા હતી. અહીંયા તુત્સી નામના મૂળનિવાસી ટાર્ગેટ પર હતાં અને તે વખતે બહુમતિ ધરાવતી હુતુઝનો અંકુશ રેડિયો ઉપર હતો. રવાંડામાં એટલી મારાકાપી થઈ કે તેમાં 80 હજાર તુત્સી મૂળવાસી હોમાઈ ગયા. વિશ્વભરમાં ચાલી આવતા નરસંહારમાં જે-તે વિસ્તારમાં બહુમતિ ધરાવતો કોઈ ધર્મ અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતા નથી દાખવતો. મ્યાનમારમાં બૌદ્ધ ધર્મીઓની વસતિ છે અને બૌદ્ધ ધર્મ અહિંસા સર્વોપરી માને છે. પરંતુ જ્યારે ત્યાં થઈ રહેલાં રોંહિગ્યા મુસ્લિમોના અત્યાચાર કોઈનાથી છૂપા રહ્યા નથી. 'ધ સિક્રેટિવ વર્લ્ડ ઑફ હિંદુત્વ પોપ સ્ટાર્સ'ના લેખક કુણાલ મ્યાનમારનો પણ સંદર્ભ આપે છે અને તેમાં રોહિંગ્યા મુસ્લિમો સાથે થતાં અત્યાચારમાં કેવી રીતે ગીત, સંગીતે ભાગ ભજવ્યો છે તેની વાત કરે છે. અમેરિકામાં આવનારા દિવસોમાં શીખો અને હિંદુઓ વિરુદ્ધ આવું થશે તો તેમાં ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થશે, કારણ કે અત્યારે આ દેશોમાં ભારતીયો ટાર્ગેટ પર છે અને કોઈક રીતે અમેરિકી સરકારનું વલણ ઈમિગ્રન્ટોની વિરુદ્ધ દેખાઈ રહ્યું છે.

ગીત-સંગીતમાં ઓકાતું ઝેરને હવે વધુ જ્વલનશીલ બનાવનારું સોશ્યલ મીડિયા છે. કવિસિંઘ જેવું બીજું નામ લક્ષ્મી દુબે હિંદુસ્તાની છે. યૂટ્યુબ પર લક્ષ્મીના સબસ્ક્રાઈબરની સંખ્યા પણ સાડા ચાર લાખ વટાવી ગઈ છે. તેમનાં ગીતોમાં ધર્મ સાથે રાજકીય પ્રોપગન્ડા ભળે છે અને તેમની ગીતોની પંક્તિઓ આ રીતની હોય છે : 'યોગી જૈસા નેતા દમદાર ચાહીએ', 'ફિર બીજેપી, ફિર શિવરાજ'.

જોકે અહીંયા પુસ્તકના લેખક એવું પણ કહે છે કે પોપ્યૂલર કલ્ચરમાં જે કંઈ થતું હોય તેનો હિંસા સાથે સીધોસીધો સંબંધ દર્શાવવો મુશ્કેલ છે. પણ તેમના ફોલોઅર્સની લાખોમાં સંખ્યા અને તેમના પ્લેટફોર્મ પર મૂકાતા કન્ટેન્ટથી વાત જોખમી બને છે. આવું કન્ટેન્ટ પિરસનારાઓમાં એક નામ સંદીપ દેવનું પણ અપાય છે. સંદીપ ફેસબુક પર ખૂબ એક્ટિવ છે અને સાથે સાથે તેઓ અનેક પુસ્તકોના લેખક છે. તેમના પુસ્તકોમાં 'નિશાને પર નરેન્દ્ર મોદી : સાજિશ કી કહાની તથ્યો કી જુબાની', 'સ્વામી રામદેવ : એક યોગી-એક યોદ્ધા' અને 'રાજયોગી : ગોરખનાથ સે આદિત્યનાથ તક'. સામાન્ય રીતે અત્યાર સુધી સમાજમાં આવી બાબતની ચર્ચા વ્યાપક રીતે થતી નહોતી. પરંતુ હવે તે કરવાની થાય છે કારણ કે તેનો વ્યાપ એ રીતે પ્રસર્યો છે. કુણાલ પુરોહિતે તો અનેક કિસ્સા ટાંકીને આ વિષયને ન્યાય આપ્યો છે.



# શિક્ષણની ગાડી

શરદ જોશી સ્પીકિંગ



સંજય છેલ

શિક્ષણ એ એક એવી બગડેલી ગાડી છે, જેના સ્પેરપાટેસ્ હવે રિપેર કરવા પડે અથવા બદલવા પણ પડે એમ છે, પછી ભલે ને એ ઊર્જાપૂર્જા નવા કેમ ના હોય. માત્ર (શિક્ષણની)ગાડીમાં જ નહીં ડ્રાઈવરમાં પણ સુધારો કરવો પડે અને જરૂર પડે તો ડ્રાઈવરને પણ બદલવો પડે. જો આપણે થોડા દિવસ (શિક્ષણની) ગાડી બંધ રાખીએ તો આ બધું થઈ શકે છે પરંતુ એ શક્ય નથી. શિક્ષણની ગાડીને ધીમી પણ ના કરી શકાય. એ તો આ ગાડી ચાલતી હોય ત્યારે જ બધું એક સાથે કરવું પડે છે.

શિક્ષણની ગાડીએ પણ ચોક્કસ સમયમાં પરીક્ષાખંડ સુધી પહોંચવાનું હોય છે. તો પછી ચાલુ વાહનમાં એન્જિન રિપેર કરવાનું કામ કોણ કરશે? તમે એ ડ્રાઈવર પાસેથી અપેક્ષા રાખશો, જેનામાં ખુદ ગડબડ છે અને જે રીતે દરેક પેસેન્જર અને બહાર ઊભેલા દર્શકોની પોતાની અંગત માન્યતાઓ હોય છે કે (શિક્ષણની) ગાડી પહેલા ક્યાં હતી અને હવે એને કેવી રીતે સુધારવી જોઈએ, એવી રીતે કંઈક વિચારે છે. એટલા માટે જ વાહનમાં સુધારો કરતા પહેલાં એ નક્કી કરી લેવું જોઈએ કે સુધારો કોની નજરથી કરવો જોઈએ. કંપની માલિકો, અર્થશાસ્ત્રીઓ કે જેઓ ભવિષ્યની ફેક્ટરી ચલાવે છે? કે પછી એક નેતાની નજરથી કે જે વિદ્યાર્થીઓને તેમના પક્ષના ભાવિ મતદાર તરીકે જુએ છે? કે પછી પૈસાવાળાની નજરથી કે જે લોકો તેમના બાળકોને લોલોપ અને ડિસ્કો કલ્ચર જેવાં સુખ આપીને ઉપભોક્તાવાદના સુખાળવા નાગરિક બનાવવા માગે છે! આ શિક્ષણની ગાડીના રિપેરીંગમાં કોની સલાહ ધ્યાનમાં લેવામાં આવશે? એ શિક્ષકની કે જે લોકો શીખવતા-શીખવતા બુઢાપામાં ખુદને શિક્ષણશાસ્ત્રી કહેવા લાગ્યા અને હવે એ જ શિક્ષાને બદલવા માંગે છે જે તેમણે જ વરસોથી શીખવ્યું છે!

શિક્ષણની ગાડી બહુ વિચિત્ર બગડેલું વાહન છે, આમાં હવે બધું જ બદલવું પડે એમ છે. તૂટેલી ઈમારત, ફર્નિચર, અભ્યાસક્રમ, ભણવવાની રીત, ભણાવવાની ભાષા, શિક્ષકો, રમતનું મેદાન, પૂરી પાડવામાં આવતી સુવિધાઓ, બપોરનો નાસ્તો, ટાંકીનું ખરાબ પાણી, અરે!

કેટલાક શિક્ષકો અને પ્રોફેસરને પૂછો તો તેઓ તેમના વિદ્યાર્થીઓને પણ બદલવા માંગે છે! તો વળી વિદ્યાર્થીઓ, કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને બદલવા માંગે છે. માતા-પિતાઓમાં પણ પરિવર્તનની મોટી જરૂર છે. જે વિદ્યાર્થીઓ ઘરે રહી અભ્યાસ કરે છે તે કેટલાક હોસ્ટેલમાં રહેવા માંગે છે અને કેટલાક જે હોસ્ટેલમાં રહે છે તેમને ઘરે રહેવું છે! તો કોઇ કોલેજ કે સ્કૂલની કેન્ટીનમાં પણ સુધારો કરવા માંગે છે. યુનિવર્સિટી તેના વાઇસ-ચાન્સેલરને અને વાઇસ-ચાન્સેલરો તેમની યુનિવર્સિટીને બદલવા માગે છે!

શિક્ષણની ગાડીમાં દરેક સ્પેરપાટેસને ચાલુ ગાડીમાં અંદર અને બહારથી બદલવા પડશે એટલે કે, કેટલાક ગાડીના અંદરના ભાગને સુધારો કરે, કેટલાક ગાડીના બહારના ભાગને સુધારો કરે અને કેટલાક પેસેન્જર જ્યાં બેઠા હોય ત્યાં જ બેઠાં બેઠાં



**વાહનમાં સુધારો કરતા પહેલાં એ નક્કી કરી લેવું જોઈએ કે સુધારો કોની નજરથી કરવો જોઈએ. કંપનીમાલિકો, અર્થશાત્રીઓ કે જેઓ ભવિષ્યની ફેક્ટરી ચલાવે છે? કે પછી એક નેતાની નજરથી કે જે વિદ્યાર્થીઓને તેમના પક્ષના ભાવિ મતદાર તરીકે જુએ છે? કે પછી પૈસાવાળાની નજરથી કે જે લોકો તેમનાં બાળકોને લોલોપ અને ડિસ્કો કલ્ચર જેવાં સુખ આપીને ઉપભોક્તાવાદના સુખાળવા નાગરિક બનાવવા માગે છે! આ શિક્ષણની ગાડીના રિપેરીંગમાં કોની સલાહ ધ્યાનમાં લેવામાં આવશે?**

સુધારો કરે પણ પ્રોબ્લેમ એ છે કે જો બધા જ સુધારા કરવા માંડશે તો પછી એકબીજાને સલાહ કોણ આપશે? એટલા માટે જ બગડેલી ગાડી એમ ને એમ ચલાવવા દેવાય છે.

જો તમે ગાડીમાંથી વિદ્યાર્થીઓને હટાવો તો સુધારો થઈ શકે, જો પ્રોફેસરો, શિક્ષકોને હટાવો તો સુધારો થઈ શકે, અભ્યાસક્રમ કાઢી નાખો તો સુધારો થઈ શકે પણ આવું તે કઈ રીતે થઇ શકે? પણ શિક્ષણની ભાંગીતૂટી ગાડીને ચલાવવા માટે સારા એન્જિન, ચેસીસ અને વ્હીલ્સની જરૂર તો પડે જ છે ને?

# 14 મહિના પછી ઇન્ટરનેશનલ ક્રિકેટમાં થયેલી મહંમદ શમીની વાપસી પ્રમાણમાં ફિકી રહી

ખેલખેલમેં

ભારતીય ટીમનો અનુભવી ઝડપી બોલર મહંમદ શમી આખરે 14 મહિના બાદ રાષ્ટ્રીય ટીમ માટે રમતો જોવા મળ્યો. રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ત્રીજી ટી20 મેચ માટે શમીને પ્લેઈંગ-11માં સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ તેની વાપસી એટલી સારી રહી નહોતી અને તેણે મેચમાં ત્રણ ઓવર બોલિંગ કરી હતી, જેમાં તેને એકેય વિકેટ મળી નહોતી. શમીની બોલિંગ બધી રીતે યોગ્ય રહી હતી પણ એક રીતે જોઈએ તો તેની સાથે બોલિંગની શરૂઆત કરનારા હાર્દિકને પહેલી ઓવરમાં જ વિકેટ મળી હતી પણ શમી તે મામલે કમનસીબ રહ્યો હતો. શમી માટે હવે આગળનો સમય કેવો રહે છે તે જોવાનું રહે છે. T20 કેપ્ટન સૂર્યકુમારે શમી આગામી મેચમાં સારું પ્રદર્શન કરશે એવું કહીને એવો સંકેત આપ્યો હતો કે તેને આગામી મેચમાં રમાડવામાં આવી શકે છે. જો કે શમી માટે મુશ્કેલી એ છે કે તે જ્યારે નેટ પ્રેક્ટિસ કરતો હતો ત્યારે તેના બંને પગે પટ્ટા ધારણ કરેલા હતા અને તેને પગલે તેની ફિટનેસ સામે સતત સવાલો થઈ રહ્યા હતા અને તેને જ્યારે શરૂઆતની બે T20માં ન રમાડાયો ત્યારે એ શંકાઓ વધુ બળવત્તર બની હતી. ત્રીજી T20માં તેને રમાડાયો પણ તેના ચાર ઓવરનો ક્વોટા પણ તેની પાસે પુરો ન કરાવાયો તેને પગલે પણ સવાલો ઊભા થયા છે.



## 436 દિવસ પછી શમી ભારતીય જર્સીમાં જોવા મળ્યો

ચાહકોની લાંબી રાહનો આખરે મંગળવારે અંત આવ્યો અને શમી 14 મહિના અર્થાત 436 દિવસ પછી ભારતીય જર્સીમાં રમતો જોવા મળ્યો હતો. આ પહેલા શમી ભારત તરફથી છેલ્લી વખત ઓસ્ટ્રેલિયા સામે વનડે વર્લ્ડકપ 2023ની ફાઈનલમાં રમ્યો હતો. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે સતત ત્રીજી મેચમાં ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સૂર્યકુમારે ટોસ દરમિયાન કહ્યું હતું કે આ મેચ માટે ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને ફાસ્ટ બોલર અર્શદીપ સિંહની જગ્યાએ મહંમદ શમીને પ્લેઈંગ-11માં તક આપવામાં આવી છે.

## સૂર્યકુમારને શમીના સારા પ્રદર્શનનો વિશ્વાસ

શમીએ ઈંગ્લેન્ડની ઈનિંગની પ્રથમ ઓવર ફેંકી હતી. તેણે મેચમાં ચાર ઓવરનો ક્વોટા પણ પૂરો ન કર્યો અને ત્રણ ઓવર ફેંકી. આ દરમિયાન શમીએ 25 રન આપ્યા અને તેની ઈકોનોમી 8.30 હતી. એટલું જ નહીં, શમી આ મેચમાં એક પણ વિકેટ લઈ શક્યો ન હતો અને તેણે નો બોલ પણ ફેંક્યો હતો. જો કે, તેણે તેની બોલિંગ દરમિયાન લગભગ 140 કિમી પ્રતિ કલાકની ઝડપને સ્પર્શ કરીને તેની ફિટનેસ અંગેની અટકળોનો અંત લાવી દીધો. સૂર્યકુમારે મેચ બાદ કહ્યું કે તેને ખાતરી છે કે શમી આગામી મેચમાં સારું પ્રદર્શન કરશે.

## વન ડે વર્લ્ડકપ પછી શમીની ઘૂંટીની સર્જરી કરવામાં આવી હતી

ભારતમાં રમાયેલા વન ડે વર્લ્ડકપ પછી 2024ની શરૂઆતમાં તેની ઘૂંટીની સર્જરી થઈ હતી. આ પછી તે ઘરેલુ ક્રિકેટમાં પાછો ફર્યો હતો. દરમિયાન, એવા સમાચાર હતા કે આ ઝડપી બોલર બોર્ડર ગાવસ્કર ટ્રોફી દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરશે. જોકે, ફિટનેસના કારણોસર આ શક્ય બન્યું ન હતું. શમીને ઈંગ્લેન્ડ સામેની T20 સીરિઝ માટે 15 સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ કોલકાતા અને ચેન્નાઈમાં રમાયેલી પ્રથમ બે મેચમાં તેને સ્થાન મળ્યું ન હતું. શમીના વાપસીમાં વિલંબને કારણે તેની ફિટનેસને લઈને અટકળો થઈ રહી હતી. જોકે તેને ત્રીજી મેચની પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરાતા તે પુનરાગમન કરવામાં તો સફળ રહ્યો પણ તેની વાપસી જોઈએ તેટલી ધમાકેદાર રહી નહોતી.

## શમીએ ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્રભાવ પાથર્યો હતો

ગત વર્ષે સર્જરી બાદ 34 વર્ષીય બોલરે ઘરેલુ ક્રિકેટમાં ચમક ફેલાવી હતી. તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બંગાળ માટે તમામ નવ T20 મેચ રમી, જેમાં 7.85ના ઈકોનોમી રેટથી 11 વિકેટ લીધી. તેની સાથે જ વિજય હજારે ટ્રોફીમાં, તેણે સાતમાંથી માત્ર ત્રણ મેચ રમી અને માત્ર ત્રણ જ વિકેટ લઈ શક્યો હતો. તે પછી શમી ઘુંટણમાં સોજાને કારણે આ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. તે સમયે ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં તેના જોડાવાની વાત ચાલી હતી પણ ઘૂંટણનો સોજો તેમાં મોટો અંતરાય બન્યો હતો.

**ઇન્ટરનેશનલ ક્રિકેટમાં મહંમદ શમીની વાપસીની રાહ જોઇ રહેલા ભારતીય ચાહકોની આતુરતાનો મંગળવારે અંત આવ્યો હતો, જો કે 14 મહિના પછી શમી ભારતીય જર્સીમાં રમતા તો જોવા મળ્યો પણ તે એટલો પ્રભાવક રહ્યો નહોતો અને તેણે મેચમાં ત્રણ ઓવર બોલિંગ કરી હતી, જેમાં તેને એક પણ વિકેટ મળી નહોતી**